# કાતિલ ઠંડીથી ઉત્તર ગુજરાત ઠંડુગાર

મહેસાણા, તા.૩૧ ઉત્તર ભારતમાં હિમવર્ષા થતાં ઉત્તર ગુજરાતમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી હાડ થીજવતી તીવ્ર કાતિલ ઠંડી પડી રહી હોઈ જનજીવન પર માઠી અસર પડી છે. હાલ સમગ્ર વાતાવરણ ઠંડુગાર બની ગયું છે. ઠંડીથી બચવા માટે લોકો ગરમ વસ્ત્રો પહેરે છે. શિયાળાની કડકડતી ઠંડીમાં કેટલો લોકો તંદુરસ્તી માટે વહેલી પરોઢના સમયે મોર્નિંગ વોક માટે નીકળી શરીરને મજબૂત બનાવવાના પ્રયત્નો કરે છે. આ સાથે યોગ, પ્રાણાયામ અને અન્ય કસરતો પણ કરીને શરીરને સાચવવાના ઉપાયો કરી રહ્યા છે. કાતિલ ઠંડીથી બચવા માનવ શકય તેટલા પ્રયાસો કરે છે પરંતુ તીવ્ર ઠંડીમાં પશુ પંખીઓની હાલત કફોડી બની છે

આ વર્ષે તીવ્ર ઠંડીના કારણે કૂતરાઓના કેટલાક નાના ગલુડીયા મોતને ભેટયા છે. તો વગડામાં સીમની અંદર કેટલાક પક્ષીઓના પણ મોત થયા હોવાનું જાણવા મળેલ છે. આ વર્ષે શિયાળાની ૠતમાં મોડેથી ઠંડીનું આગમન થયું છે જે આગામી લાંબા દિવસો સુધી જળવાયેલું રહેશે તેમ જણાય છે.

શિયાળુ ૠતુમાં મોડેથી ઠંડી પડતા રવિપાકોની સ્થિતિ સુધરી ગઈ છે. ખેતરોમાં ઉભા પાકો જેવા કે, જીરૂ, વરિયાળી, ઈસબગુલ, ઘઉં, મેથી, રાયડો, એરંડા, રાજગરો, સરસવ, સુવાના પાકોને ઘણો ફાયદો થયો છે. અને પાકોના ઉતારા સારા રહેતા ઉત્પાદનો પણ વધવાની શકયતા જોવાય છે. રવિપાકોમાં કેટલાક પાકો તૈયાર થવા આવ્યા છે. આથી ટૂંક સમયમાં બજારોમાં નવા માલોની આવકો શરૂ થશે તેમ મનાય છે.

### સાબરકાંઠા જિલ્લાના મેઘરજની ચકચારી ઘટના

## નાયબ મામલતદારના ૫ હત્યારાઓને આજીવન કેદ

### સજા પામેલા પાંચ આરોપીઓ પૈકી ૪ સરકારી કર્મચારી : ૩૧ આરોપીઓને શકનો લાભ આપી નિર્દોષ છોડી મુકાયા

હિંમતનગર, તા. ૩૧ સાબરકાઠા જિલ્લાના મેઘરજ મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા નવીન ભગોરાનુ કચેરીમાંથી કેટલાક લોકોએ અપહરણ કરી તેમની હત્યા કરી લાશ ફેકી દીધી હતી. સને ૨૦૦૩માં બનેલી ચકચારી ઘટનાની લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને ત્યારબાદ સી.આઈ.ડી. દારા તપાસ કરી ચાર વખત જુદા-જુદા ચાર્જસીટ મોડાસા એડીશનલ કોર્ટમાં રજુ કર્યા હતા. જે અંગેની લાંબી ન્યાયીક પ્રક્રિયા બાદ કોર્ટે બે મહીલા સહીત પાંચ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારતો હુકમ કર્યો છે.

મેઘરજ નાયબ મામલતદાર નવીન ભગોરાની હત્યાની ચકચારી ઘટનાની વિગત અનુસાર મેઘરજના પંચાલ ગામના નવીન ભગોરા મેઘરજ મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા હતા. તેમની સાથે આજ ગામના વિનોદ ભગોરા પણ ફરજ બજાવતા હતા. સન ૨૦૦૩માં વિનોદ ભગોરાનુ માર્ગઅકસ્માતમાં મોત થયુ હતુ. તેમની અંતિમ ક્રિયામાં નવીન ભગોરા હાજર ન રહેતાં પરિવારજનોના મનમાં શંકાનો કિડો સળવળ્યો હતો. કે વિનોદ ભગોરાના મોત પાછળ અકસ્માત નહી પણ હત્યાનો શક નવીન ભગોરા ઉપર જતાં તા. ૩૦-૦૬-૨૦૦૩ના રોજ વિનોદ ભગોરાના પરિવારજનો સહીત ૩૬ લોકોએ મેઘરજ મામલતદાર કચેરી જઈ નવીન ભગોરાનુ અપહરણ કર્યુ હતુ. ત્યાર બાદ નવીન ભગોરાની લાશ પંચાલ ગામના સીમાડામાંથી મળી આવી હતી. જે અંગેની ફરીયાદ મેઘરજ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. અને એલ.સી.બી. પોલીસને તપાસ સોંપવામાં આવી હતી. ત્યારબાદ સી.આઈ.ડી. ક્રાઈમ બ્રાન્ચે પણ તપાસ કરી હતી. અને ૩૬ લોકોની વિરૂધ ચાર્જ સીટ બનાવી કોર્ટમાં રજુ કર્યા હતા. જે અંગેનો કેસ કાર્ટમાં ચાલતાં સરકારી વકીલ ડી.એસ. પટેલની રજુઆતો તેમજ સાક્ષીઓ અને પુરાવાને ધ્યાને લઈ મોડાસા એડીશનલ કોર્ડના જજ એ.એન. જોષીએ પાંચ આરોપી. હેમલત્તાબેન ભગોરા (હાઉસ વાઈફ), પોપટભાઈ ભગોરા (ઈજનેર), સોમાભાઈ ભગોરા (રેલ્લે કર્મચારી), નિરંજન ભગોરા (શિક્ષક) અને ચંચળબેન ખરાડી (શિક્ષિકા)ને આજીવન કેદની આકરી સજા ફટકારતો હુકમ કર્યો હતો. જયારે ૩૧ આરોપીઓને નિર્દોષ છોડી મુકયા હતા.



ખેલ મહાકુંભ-૨૦૧૩ મશાલ રેલીએ સાબરકાંઠા જિલ્લામાં પ્રવેશતાં જિલ્લા કલેકટર શાહમીના હુસેન, જિલ્લા પંચાયતના પ્રમુખ હેમલત્તાબેન પટેલ, નગરપલિકાના પ્રમુખ પલ્લવીબેન ગાંધીની ઉપસ્થિતિમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મશાલ રેલીએ હિંમતનગર શહેરના જુદા-જુદા માર્ગો ઉપર ફરી હતી. ખેલ મહાકુંભમાં જિલ્લામાંથી ૧.૪૨ લાખ ખેલાડીઓનુ રજીસ્ટ્રેશન થયું છે.

(તસ્વીરઃ- મગન વણજારા,હિંમતનગર )

## ઊંઝા મામલતદાર કચેરીમાં ભ્રષ્ટાચારના મહારાક્ષસે માથું ઉંચકયુની ચર્ચાએ જોર પકડયું

ઊંઝા, તા.૩૧ ઊંઝા ખાતે આવેલ તાલુકા મામલતદાર અને સબરજીસ્ટ્રાર કચેરીમાં છેલ્લા કેટલાક વખતથી ભ્રષ્ટાચારના મહારાક્ષસે માથું ઉંચકયું હોવાની લોક ફરિયાદો ઉઠવા પામી છે.

લોકોમાં ચર્ચાતી વાતો મુજબ ઊંઝા મામલતદાર કચેરીની ઈધરા, પુરવઠાશાખા, મહેસુલ શાખાઓમાં કામકાજ અર્થે આવતા નાગરિકો પાસેથી કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ વ્યાપકપણે કટકી કરતા હોવાનું સરેઆમ ચર્ચાય છે. ઈધરા, પુરવઠા તથા જમીન મહેસૂલને લગતા કામકાજમાં આ કચેરીના સરકારી બાબુઓને જયાં સુધી નૈવેધ ન ધરાવાય ત્યાં સુધી તેઓ રીઝતા નથી. અને નાગરિકોને ખોટી રીતે ધક્કા ખવડાવી કામમાં વિલંબ થાય તેવી કુટનીતિ અપનાવતા હોય છે. આ કચેરીમાં કામકાજ અર્થે આવતા લોકો પાસેથી ગેરકાયદે નાણાં માંગવામાં સરકારી બાબુઓ લેશમાત્ર શરમ અનુભવતા નથી અને જાણે એક શિરસ્તો હોય તેમ આ કચેરીમાં કામ મંજુર કરાવવા રૂપિયા માંગી લેવાય છે. આવા ભ્રષ્ટાચારના કિસ્સાના કેટલાયે લોકો ભોગ બન્યા છે. પરંતુ કોણ જાણે કેમ તેઓની મજબૂરી અણઆવડત આ સક્ષમ ન હોવાની ફરિયાદો થઈ શકતી નથી. પરિણામે ભ્રષ્ટાચારી તત્વોને ફાવટ આવી ગઈ છે. ભૂતકાળમાં આ કચેરીમાં ફરજ બજાવતા એક સર્કલ ઓફીસર લાંચ લેતા રંગે હાથે ઝડપાઈ ગયા હતા.

આ કચેરીની જુદી જુદી શાખાઓ ઉપરાંત આ કચેરીમાં જ આવેલ સબરજીસ્ટ્રારની કચેરીમાં વ્યાપક ભ્રષ્ટાચાર થતો હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. આ કચેરીઓમાં કેટલાક વચેટીયાઓ, દલાલોની બોલબાલા વધી ગઈ છે. આ ઉપરાંત કાયદાના જાણકાર એવા કેટલાક તત્વો તથા કેટલાક સ્ટેમ્પ વેન્ડરો, અધિકારીઓ અને કર્મચારીઓ સાથે મળી જઈને ભ્રષ્ટાચાર વધે તેવું કૃત્ય કરી રહ્યા છે તેવું ચર્ચાય છે. આ અંગે ઉચ્ચ કક્ષાએથી ઝીણવટભરી તપાસ હાથ ધરાય તો ઘણી ચોંકાવનારી હકીકતો બહાર આવે તેમ છે તેવું લોકોમાં બોલાય છે. કચેરીમાં કામકાજ અર્થે આવતા નાગરિકોને વ્યવસ્થિત યોગ્ય જવાબ કે માર્ગદર્શન મળતું નથી ઉલ્ટાનું તોછડાઈભર્યુંવર્તન કરી હેરાન પરેશાન કરવાની પ્રવૃત્તિ કરાય છે.

### ચોરીવાડ ગામેથી બાઈકની ઉઠાંતરી

હિંમતનગર, તા.૩૧ સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના ચોરીવાડ ગામ ખાતે આવેલ જીઈબી કવાટર્સ પાસેની ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલ એક મોટર સાઈકલની ચોરી થવા પામી છે. આ બનાવની ફરિયાદ વડાલી પોલિસ સ્ટેશને નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ચોરીવાડ જીઈબી કવાટર્સ રૂમ નં. ૨ માં રહેતા કાળુસિંહ ચેહરસિંહ ઠાકોરની બજાજ ડિસકવર બાઈક નં. જીજે-૯-એ.પી.-૪૧૧૩ ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલ હતું. ગત રોજ સાંજના સુમારે ત્યાંથી ચોર ઈસમો બાઈક ચોરી પલાયન થઈ ગયા હતા. બનાવની જાણ બાઈક માલિકને થતાં વડાલી પોલિસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલિસે ગુનો નોંધી વધુ તપાસ એ.એસ.આઈ. કાલીદાસ સોમાભાઈ કરી રહ્યા છે.

## સાબરકાંઠા જિલ્લામાં બે અલગ અલગ માર્ગ અકસ્માતોમાં બે ના મોત

હિંમતનગર, તા.૩૧ સાબરકાંઠા જિલ્લામાં એક જ દિવસમાં બે અલગ અલગ સ્થળોએ સર્જાયેલા બે અકસ્માતમાં બે વ્યકિતના કરૂણ મોત નિપજયા હતા જે અંગે જુદા જુદા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હિંમતનગર તાલુકાના કાંકલોલ ગામની સીમમાં રોડ ઉપર ગત તારીખ ૩૦ ડિસેમ્બર ૨૦૧૨ના રોજ બપોરના સમયે લકઝરી બસને અજાણ્યા ડ્રાઈવર પોતાના કબજાની લકઝરી બસ બેફામ અને ગફલતભરી રીતે પૂર ઝડપે હંકારી રોડ ક્રોસ કરવા જતા કાળુસિંહ ફકીરસિંહ કાકરડાને ટક્કર મારતા સારવાર દરમિયાન મોત થયેલાની હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશને કુંવરસિંહ સોમસિંહ ચૌહાણ રહે કાંકલોલ તા. હિંમતનગરનાઓએ તા. ૩૦ ડિસેમ્બરે ફરિયાદ નોંધાઈ હતી. આ અંગે હિંમતનગર ટાઉન પોલીસના સબ ઈન્સ્પેકટર કે.આર. પરમારે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી જયારે બીજો બનાવ પ્રાંતિજ તાલુકાના દલપુર ચાર રસ્તા હાઈવે રોડ ઉપર નેશનલ હાઈવે ઉપર ગત તારીખ ૩૦ ડીસેમ્બરના રોજ સાંજના સમયે સફેદ વેગનઆર મારૂતી ગાડીના ચાલકે પોતાની મારૂતી પૂર ઝડપે ગફલત ભરી રીતે અને બેદરકારીપૂર્વક ચલાવી વિનુભાઈ કેશાભાઈ વાઘેલા (દેવીપૂજક) ઉ.વ.૫૦ રહે જામળા તા. હિંમતનગરનાઓની મોટર સાઈકલને ટકકર મારી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડતા ઘટના સ્થળે મોત નિપજયું હતું. આ બાબતે પ્રાંતિજ પોલીસ સ્ટેશને જીતેન્દ્રભાઈ વિનુભાઈ વાઘેલા (દેવીપુજક) રહે. જામળા, તા. હિંમતનગર હાલ રહે અંબુજા કોલોની મુ. નનાનપુર તા. પ્રાંતિજનાઓએ ફરિયાદ નોંધાવી હતી. આ મામલે પ્રાંતિજ પી. આઈ. એમ.ડી. ઉપાધ્યાયે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## પ્રાંતિજ - હરસોલ હાઈવે પર માટીના ઢગ થતાં વાહનચાલકો પરેશાન

પ્રાંતિજ, તા. ૩૧ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શહેરમાંથી પસાર થતાં પ્રાંતિજ-હરસોલ સ્ટેટ હાઈવે પર રોડની બન્ને બાજુએ ધૂળ ઉડવાના કારણે અવાર-નવાર અકસ્માતો તથા પ્રદુષણને હાની થતી હોવાના સાથે જ લોકોના સ્વાસ્થ્ય સાથે જોખમ ઉભું થતાં તંત્રમાં અવાર-નવાર રજૂઆત કરવા છતાં કોઈપણ ઉકેલ ના આવતા સ્થાનિક રહીશોએ ૧૦૦થી વધુ સહીઓવાળો રજૂઆત પત્ર મુખ્યમંત્રીને મોકલી આ બાબતે કાંઇ ઘટતું થાય તેવી રજૂઆત કરી હતી.

પ્રાંતિજ હાઈવેથી ત્રણ રસ્તા તરફ રેલવે ફાટક સુધીના રોડની બન્ને બાજુએ ધૂળના થર મોટા પ્રમાણમાં એકત્ર થયા છે. બે અઢી વર્ષથી રોડનું સફાઈ કામ કે સમાર કામ હાથ ધરવામાં આવ્યું નથી. આ માર્ગો પરથી પસાર થતાં વાહનોની ઉડતી ધૂળને કારણે રાહધારીઓની આંખોમાં તેમજ તેમના સ્વાસ્થ્યને પણ નુકસાન થાય છે.

આ હાઈવે પર શહેરની મોટા ભાગની શાળાઓ પણ આવેલી છે. જેથી શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા બાળકોને પણ અવાર-નવાર અકસ્માતનો ભોગ બનવું પડે છે. આ મામલે પ્રાંતિજ તેમજ હિંમતનગરના માર્ગ મકાન વિભાગના અધિકારીઓને આ અંગે ટેલીફોન કરતાં યોગ્ય જવાબ મળતો નથી. નગરજનોની માંગનો યોગ્ય ઉકેલ આવે તેમ ઈચ્છી રહ્યા છે.

### ગાબટ ગામે વીજ જોડાણ મેળવવા ખોટા દસ્તાવેજ ઉભા કરતા ઈસમ સામે ફરિયાદ

બાયડ, તા. ૩૧ બાયડ તાલુકાના ગાબટ ગામે એક ઈસમે પોતાના ખેતરમાં વીજ જોડાણ મેળવવા ખોટા સંમતિપત્ર અને પૂરાવાઓ ઉભા તેમજ ખોટી સહીઓ કરી પૂરાવાનો સાચા તરીકે ઉપયોગ કરવાની કોશિશ કરતા ઈસમ સામે બાયડ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર બાયડ તાલુકાના ગાબટ ગામે રહેતા જશુભાઈ ગલાભાઈ વણકરે ગાબટ ગામની સીમમાં આવેલી પોતાના સર્વે નં. ૧૦૬૭વાળી જમીનમાં સિંચાઈ માટે ખેતી વિષયક વીજ જોડાણ લેવા માટે રૂ. ૧૦૦ના સ્ટેમ્પ ઉપર સંમતિપત્ર બનાવી જયંતિભાઈ મૂળાભાઈ વણકરની પુત્રી ચંદ્રિકાબેનની ખોટી સહીઓ કરી તે પૂરાવાનો સાચા પૂરાવા તરીકે ઉપયોગ કરવાની કોશિશ કરી રહ્યાની જાણ ચંદ્રિકાબેનને થતાં તેઓએ આ મામલે બાયડ પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મોઢેરામાં ગુજહાત પર્યટન વિભાગ સંચાલિત તોરણ કાફેટેરિયાની હાલત બિસ્માર : પ્રવાસીઓ નારાજ

ચાણસ્મા, તા. ૩૧ મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકામાં આવેલ ઐતિહાસિક ધામ મોઢેરાનું સૂર્યમંદિર શિલ્પ સ્થાપત્ય કલાનો અજોડ નમૂનો છે. જ્યાં દેશ-વિદેશમાંથી વર્ષે દહાડે લાખો પ્રવાસીઓ અહીં ઉમટી પડે છે. છેલ્લા કેટલાય સમયથી સૂર્ય મંદિરના દર્શનાર્થે આવતા પ્રત્યેક વ્યક્તિ પાસેથી રૂા. પાંચ એન્ટ્રી ટેક્ષ વસૂલ કરવામાં આવે છે. જેમાંથી પુરાતત્ત્વ વિભાગને લાખોની આવક થાય છે. પરંતુ તેના સમારકામ માટે કે વિકાસ અર્થે એક પણ પાઈનો ખર્ચ તંત્રને કરવાની ફૂરસદ નથી. પરિણામે કાફેટેરીયાની હાલત સ્મશાન જેવી થવા પામી છે.

પ્રતિ વર્ષ જાન્યુઆરી માસમાં ઉત્તરાર્ઘ ઉત્સવ પાછળ રાજ્ય સરકાર કરોડો રૂપિયાનો ધુમાડો કરે છે. પરંતુ પ્રવાસન નિગમ સંચાલિત વર્ષોથી બનાવેલું તોરણ કાફેટેરિયા મરવાના વાંકે ઊભું છે. તોરણ કાફેટેરિયાનું મકાન જર્જરીત હાલતમાં હોવાથી ક્યારે જમીનદોસ્ત થશે તેનો તંત્ર પાસે કોઈ જ જવાબ નથી. હવે તો અકસ્માતના ભયથી અહીં ફરજ બજાવતો સ્ટાફ કાફેટેરિયાની બહાર રહીને પોતાની ફરજ અદા કરે છે.

સૂર્ય મંદિરની સામે તળાવ આવેલું છે. તેનો પર્યતન તરીકે વિકાસ કરવાનો માસ્ટર પ્લાસન સરકારે છેલ્લા દસ વર્ષથી કાગળ ઉપર બનાવેલો છે. બે વર્ષ અગાઉ આ તળાવને બોટ તરીકે વિકસાવવા અને રંગરોગાન તેમજ સૂર્ય મંદિરથી મોઢેશ્વર મંદિર સુધીના માર્ગને બંને બાજુએ સોડીયમ લાઈટો લગાવવાની હૈયાધારણા હવામાં ઓગળી ગઈ છે. અગાઉ આ જ વિસ્તારમાં પ્રવાસન નિગમનો હવાલો સંભાળતા ત્રણ ત્રણ મંત્રીઓ પોતાની ટર્મ પુરી કરી ચૂક્યા છે. પરંતુ અહીંના વિકાસ માટે કોઈ જ પરિણામ મળ્યું નથી. આ જ વિસ્તારના સિદ્ધપુર, બેચરાજી, પાટણ જેવા પ્રવાસન ધામોનો વિકાસ દિન પ્રતિદિન થઈ રહ્યો છે, ત્યારે મોઢેરા મંદિરનો પણ વિકાસ થાય તેવું સ્થાનિકો અને દર્શનાર્થીઓ ઇચ્છી રહ્યા છે.



દિલ્હી ગેંગ રેપની પિડીતાના મોત બાદ સમગ્ર દેશમાં ઠેર-ઠેર આક્રોશ સાથે દેખાવો થઈ રહ્યા છે. પ્રાંતિજમાં પણ મૃતકને શ્રદ્ધાંજલી અર્પવા કેન્ડલ માર્ચનું આયોજન કર્યુ હતું અને તમામ દોષિતોને ફાંસીની સજા આપવા માંગ કરી હતી. (તસવીર : સંજય રાવલ)

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES    APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેકટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ કલેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD    Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧